બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓને અનુદાન સહાયનું
ધોરણ સુધારવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧(૧)-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૫.૧૧.૨૦૦૬

વંચાણે લીધા:-

૧. શિક્ષણ વિભાગના તા. ૩૦.૬.૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧(૧)-ગ.

૨. સ્પે.સી.એ. નં. ૬૩૮૧/૧૯૯૮ અને તેની સંલગ્ન દાવા અરજીઓમાં નામ. હાઇકોર્ટનો તારીખ:- ૫.૭.૨૦૦૬ નો ચુકાદો.

સુધારા ઠરાવ:-

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક: ૧ ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાન સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે, જેમાં ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના નામ. વડી અદાલતના ચુકાદાને ધ્યાને લઇ મૂળ ઠરાવમાં નવી શરુ થતી સામાન્ય શાળા માટેના અનુદાનના ધોરણોની જોગવાઇઓ ૧ થી ૪ પછી નીચે મુજબ ક્રમાંક : ૫ ઉમેરવામાં આવે છે.

૫ ઉપરોક્ત ફકરા ૧ થી ૪ માં સમાવિષ્ટ થતી ન હોય તેવી શાળાના કિસ્સામાં ખાસ કિસ્સા તરીકે અનુદાન પાત્રતા નક્કી કરવાના ધોરણો :-

(૧) રાજય સરકારે જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ પૈકીની જાતિની શાળાઓ કે જેમાં આવી જાતિના બાળકોની સંખ્યા વિશેષ હોય અને અન્ય જાતિના બાળકો પણ અભ્યાસ કરતા હોય તેમજ આવી જાતિઓ દ્વારા હોસ્ટેલ સાથેની શાળા શરુ કરવામાં આવે અને તેવી શાળામાં આવી જાતિના બાળકોની સંખ્યા વિશેષ હોય અને અન્ય જાતિના બાળકો પણ અભ્યાસ કરતા હોય.

(૨) કૌલગી સમિતિએ ૩૦ અતિ પછાત તાલુકા જાહેર કરેલ છે તેવા તાલુકાઓમાં સમાવિષ્ટ હોય તેમજ અંતરિયાળ અને પર્વતાળ વિસ્તારમાં આવેલ શાળાઓ કે જયાં રસ્તા, વાહનવ્યવહાર વગેરેની પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હોય. મહિલા સાક્ષરતાને ધ્યાનમાં રાખી જે ગામડાઓમાં ૩૫ ટકા કરતાં ઓછો મહિલા સાક્ષરતા દર હોય તેવા વિસ્તારમાં આવેલી કન્યા શાળાઓ.

ઉપર ક્રમાંકઃ ૧ થી ૫ માં જણાવેલ વિસ્તારમાં નવી શરુ થતી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાને મૂળ ઠરાવમાં દર્શાવ્યા મુજબ પગાર ભથ્થાંની ગ્રાન્ટ પ્રમાણ ભાગે ચુકવવામાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧.૧૧.૨૦૦૬ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગૌરાંગ શાહ
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

૧. માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
૨. માન. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ (પત્રથી)
૩. માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. માન. રા.ક.મંત્રીશ્રી, પ્રાથમિક શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
૭. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
૯. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તમામ.
૧૦. વિભાગની છ,ગ૧,લ, અપીલ શાખા, ઇ શાખા.
૧૧. સીલેકટ ફાઇલ.